મહાપાલિકાના તંત્રનું રહસ્યમય મૌન | ભીષણ આગ બાદ ૩ દિવસની નોટિસ છતાં ગેરકાયદે બાંધકામ હટ્યું નહીં

નડિયાદ શહેરમાં બીયર બારમાં દબાણ હટાવવામાં સંચાલકની ગોકળગાયની ગતિ!

જમીન સમતલ કરવાની મુદત પૂરી થઈ છતાં ઢાંચો યથાવત

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૧

નડિયાદ શહેરમાં નવા વર્ષના પ્રથમ દિવસે જ રહેણાંક વિસ્તારમાં ગેરકાયદેસર રીતે ચાલતા બીયર બારમાં ફાટી નીકળેલી ભીષણ આગની ઘટના બાદ મહાનગરપાલિકા તંત્રની નોટિસનો સંચાલકો દ્વારા ખુલ્લેઆમ અનાદર કરવામાં આવી રહ્યો હોવાનો ખુલાસો થયો છે. મનપા દ્વારા રહેણાંક વિસ્તારમાં ચાલતો કોમર્શિયલ ઉપયોગ તાત્કાલિક અસરથી બંધ કરવા અને ૩ દિવસની સમયમર્યાદામાં નુકસાન પામેલું ગેરકાયદે બાંધકામ દૂર કરી જમીન સમતલ કરવા કડક નોટિસ ફટકારવામાં આવી હોવા છતાં, મુદત પૂરી થયા બાદ પણ સંચાલક દ્વારા ઢાંચો સંપૂર્ણપણે દૂર કરવામાં આવ્યો નથી અને કામગીરીમાં જાણીજોઈને વિલંબ કરવામાં આવી રહ્યો છે.

નડિયાદ શહેરમાં નવા વર્ષના પ્રારંભે બીયર બારમાં લાગેલી ભીષણ આગને પગલે આસપાસના વિસ્તારમાં ભારે દોડધામ મચી ગઈ હતી. આ



ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈને નડિયાદ મહાનગરપાલિકાના કમિશનર દ્વારા તાત્કાલિક ધોરણે બેઠક બોલાવવામાં આવી હતી અને સમગ્ર ઘટના અંગે વિસ્તૃત રિપોર્ટ મંગાવવામાં આવ્યો હતો. આ બેઠકમાં લેવાયેલા નિર્ણય મુજબ રહેણાંક વિસ્તારમાં ચાલી રહેલા કોમર્શિયલ બાંધકામનો ઉપયોગ તાત્કાલિક અસરથી બંધ કરવા માટે સંચાલકને નોટિસ આપવામાં આવી હતી અને માત્ર ૩ દિવસમાં બાંધકામ દૂર કરવા તાકીદ કરાઈ હતી. પરંતુ સમયમર્યાદા વીતી જવા છતાં ઢાંચો હટાવવામાં ન આવતા કડક કાર્યવાહીના દાવાઓ સામે સવાલો ઉભા થયા છે.

નડિયાદ મનપાના જવાબદાર અધિકારી દ્વારા આ રીતે મૌન સેવી લેવામાં આવતાં એક તરફ નોટિસનો અમલ થતો નથી અને બીજી તરફ મનપાની કામગીરી સામે પણ ભારે શંકાઓ સેવાઈ રહી છે.

નડિયાદ શહેરમાં અનેક સોસાયટીઓ તથા રહેણાંક મકાનોના કોમન પ્લોટ તેમજ જાહેર માર્ગો પર પાર્કિંગની કોઈ વ્યવસ્થા રાખ્યા વિના બેફામ ગેરકાયદેસર કોમર્શિયલ બાંધકામોનો ખડકલો કરવામાં આવ્યો છે.

આણંદ બીએપીએસ સ્વામિનારાયણ મંદિરે શાકોત્સવની ઉજવણી



આણંદના બીએપીએસ સ્વામિનારાયણ મંદિરે દેવઉઠી એકાદશીના પવિત્ર દિવસે ઠાકોરજી સમક્ષ સાંજે શાકની હાટડી મુકી શાકોત્સવની ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. સંધ્યા આરતી પૂર્વે પૂજ્ય ભગવદ્ ચરણ સ્વામીએ ધર્મદેવ જયંતી, તુલસી વિવાહ, શ્રીજી મહારાજનો દીક્ષા દિન તથા પ્રમુખસ્વામી મહારાજના પાર્ષદી દીક્ષા દિનનો ઐતિહાસિક મર્મ સમજાવ્યો હતો. તેમણે ભગવાન સ્વામિનારાયણે જેતપુરમાં ભક્તોના દુ:ખહરણ અને યોગક્ષેમ માટે માગેલા બે અજોડ વરદાન તથા ગુરુહરિ મહંત સ્વામી મહારાજના જીવનમાં વણાયેલા ભક્તભાવનો મહિમા વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે વિશાળ સંખ્યામાં હરિભક્તોએ સંધ્યા આરતીમાં દર્શન કરી ઠાકોરજીના પ્રસાદીના શાકનો લાભ મેળવી ધન્યતા અનુભવી હતી.

ચરોતર સાત ગામ રામી સમાજ દ્વારા પાવાગઢમાં નવચંડી યજ્ઞ યોજાયો



ચરોતર સાત ગામ રામી સમાજ દ્વારા પાવાગઢ સ્થિત શિવશક્તિ ધર્મશાળામાં કારતક સુદ આઠમના પવિત્ર દિવસે નવચંડી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ધાર્મિક પ્રસંગની પૂર્વ રાત્રીએ સુંદરકાંડ પાઠનું આયોજન કરાયું હતું તેમજ જ્ઞાતિજનોએ મહાકાળી માતાજીના દર્શન તથા યજ્ઞની પૂર્ણાહુતિનો લાભ લીધો હતો. સમાજના પ્રમુખ ભાવેશ રામી, ટ્રસ્ટીઓ અને આગેવાનોની ઉપસ્થિતિમાં સમાજ ઉપયોગી 'કૌટુંબિક માહિતી દર્પણ' પુસ્તિકાનું વિમોચન કરવામાં આવ્યું હતું. આ સાથે જ વર્તમાન સમયની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને સમાજની ડિજિટલ ડાયરેક્ટરી પણ લોન્ચ કરવામાં આવી હતી.

પેટલાદની એસએસ હોસ્પિટલને રાજ્યકક્ષાનો એવોર્ડ એનાયત

આયુષ્માન યોજના હેઠળ સૌથી વધુ ક્લેમ મેળવી આરોગ્ય સેવામાં ડંકો વગાડ્યો

(પ્રતિનિધિ) પેટલાદ તા.૨૧

ગુજરાત સરકાર સંચાલિત પેટલાદની શ્રીસયાજી હોસ્પિટલે (એસ.એસ. હોસ્પિટલ) આરોગ્ય ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી દાખવી રાજ્યકક્ષાએ મોટું બહુમાન મેળવ્યું છે. એક વિશેષ સમારોહમાં AB-PMJAY-MA (આયુષ્માન) યોજના અંતર્ગત સમગ્ર ગુજરાતમાં સૌથી વધુ ક્લેમ કરવા અને સૌથી વધારે યોજનાકીય ફંડ મેળવવા બદલ હોસ્પિટલને રાજ્યકક્ષાનો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે.



પેટલાદની એસ.એસ. હોસ્પિટલે ૧૦ મહિનામાં ૫,૬૧૮ દર્દીઓને રૂ. ૫.૬૮ કરોડથી વધુની મફત સારવાર હોસ્પિટલ દ્વારા જાન્યુઆરી-૨૦૨૬ થી ઓક્ટોબર-૨૦૨૬ સુધીના માત્ર ૧૦ મહિનાના સમયગાળામાં આયુષ્માન યોજના હેઠળ કુલ ૫,૬૧૮ દર્દીઓના રૂ. ૫,૬૮,૨૦,૩૧૦ના ક્લેમ સફળતાપૂર્વક કરવામાં આવ્યા હતા. રાજ્યની તમામ સરકારી હોસ્પિટલોમાં આંકડાકીય અને નાણાકીય દ્રષ્ટિએ આ ક્લેમ અને મંજૂર થયેલ ફંડ સૌથી વધુ છે.

ઇન્ડોર સેવાઓમાં અભૂતપૂર્વ રિસ્પોન્સ



આ જ સમયગાળા દરમિયાન હોસ્પિટલની કામગીરીનો વ્યાપ દર્શાવતા આંકડા મુજબ કુલ ૨,૦૦,૬૮૦ દર્દીઓએ ઓપીડી સેવાઓ અને ૪૨,૯૫૪ દર્દીઓએ ઇન્ડોર દર્દી તરીકે દાખલ થઈને વિનામૂલ્યે સારવારનો લાભ લીધો હતો. પેટલાદ હોસ્પિટલ માત્ર એવોર્ડ સ્વીકારવા પૂરતું મર્યાદિત ન રહેતાં, એવોર્ડ સમારોહ દરમિયાન એસ.એસ. હોસ્પિટલની ટીમે વિશેષ પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું. જેમાં રાજ્યની અન્ય હોસ્પિટલોમાં પણ આયુષ્માન યોજનાનું અમલીકરણ સુદ્રઢ બનાવી દર્દીઓને મહત્તમ લાભ કેવી રીતે પહોંચાડી શકાય તે અંગેનું જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

નડિયાદમાં મરીડા ચોકડી પાસે દારૂનો અડ્ડો પકડાયો

ખેડા લોકલ કાઇમ બ્રાંચે રૂ. 73 હજારના દારૂ-વોશ સાથે બુટલેગર ઝડપાયો

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૧

નડિયાદમાં દેશી દારૂના વેચાણ અને ગાળવાની પ્રવૃત્તિ પર લાલ આંખ કરીને ખેડા એલસીબી પોલીસે મરીડા ચોકડી વિસ્તારમાં કાવેરી પોલ્ટ્રી ફાર્મ પાછળ ચાલતા દેશી દારૂના નેટવર્કનો પર્દાફાશ કર્યો છે.

બાતમીના આધારે ખેતરમાં દરોડોઃ નડિયાદ શહેર વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન ખેડા એલસીબી ટીમને બાતમી મળી હતી કે મરીડા ચોકડી પાસે કાવેરી પોલ્ટ્રી ફાર્મ પાછળ રહેતો શખ્સ પોતાના ઘર આગળ આવેલી ખુલ્લી જગ્યામાં દેશી દારૂ બનાવવાની અને વેચવાની ગેરકાયદેસર પ્રવૃત્તિ ચલાવી રહ્યો છે. આ બાતમીના આધારે એલસીબીએ ખેતરમાં રેડ પાડતાં બુટલેગરોમાં ફફડાટ વ્યાપી ગયો હતો. પોલીસે સ્થળ પરથી ચેતન સુરેશ તળપદા (મૂળ રહે. મલારપુરા કુંભારવાસ સામે, નડિયાદ) નામના ઈસમની અટકાયત કરી હતી.

પોલીસે સ્થળ પર સઘન તપાસ કરતા દારૂ ભરેલા 4 કેરબામાંથી 115 લીટર દેશી દારૂ (કિંમત રૂ. 23,000) અને દારૂ ગાળવા માટે તૈયાર રખાયેલો 2,000 લીટર વોશ (કિંમત રૂ. 50,000) મળી આવ્યો હતો. એલસીબી પોલીસે કુલ રૂ. 73,000નો મુદ્દામાલ જપ્ત કરી આરોપી સામે નડિયાદ ટાઉન પોલીસ મથકે ગુનો નોંધાવી આગળની તપાસ હાથ ધરી છે.

આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

ખંભાતમાં ૧.૧૦ કરોડના ખર્ચે નિર્મિત કંસારી-કાળી તલાવડી સી.સી. રોડનું લોકાર્પણ કરાયું



ખંભાત | ખંભાતના કંસારી અને કાળી તલાવડીને જોડતા નવનિર્મિત સી.સી. રોડનું ધારાસભ્ય ચિરાગભાઈ પટેલના હસ્તે વિધિવત લોકાર્પણ કરવામાં આવ્યું છે. 110.80 લાખના ખર્ચે તૈયાર થયેલા આ મુખ્ય માર્ગના નિર્માણથી સ્થાનિક ગ્રામજનોની વર્ષો જૂની અવરજવર અને પાણી ભરાવાની જોખમી સમસ્યાનો અંત આવ્યો છે. આ અંગે સ્થાનિક સરપંચોની રજૂઆતને ધ્યાને લઈ ધારાસભ્ય દ્વારા સરકારમાંથી ગ્રાન્ટ મંજૂર કરાવી ખૂબ જ ટૂંકા ગાળામાં રોડનું કામ પૂર્ણ કરાવવામાં આવ્યું છે. રસ્તો ખુલ્લો મુકાતાં કંસારી, નગરા અને કાળી તલાવડીના ગ્રામજનોમાં આનંદ વ્યાપ્યો હતો અને તેમણે ધારાસભ્યનો આભાર વ્યક્ત કર્યો હતો.

સંતરામપુરમાં જનજાતીય ગૌરવ સપ્તાહ અંતર્ગત મહિલા સંમેલન યોજાયું



સંતરામપુર | ભગવાન બિરસા મુંડાની ૧૫૧મી જન્મજયંતિ નિમિત્તે સંતરામપુર ટાઉનહોલ ખાતે મિશન મંગલમ શાખા દ્વારા મહિલા સંમેલન, કેશ ક્રેડિટ કેમ્પ અને કાજુના રોપા વિતરણ કાર્યક્રમનું સફળ આયોજન યોજાયું હતું. આ પ્રસંગે રાજ્ય બાળ સંરક્ષણ આયોગના ચેરમેન ધર્મિષ્ઠાબેન ગજ્જર, પૂર્વ સાંસદ રમીલાબેન બારા, ધારાસભ્ય કુબેરભાઈ ડિંડોર તથા કલેક્ટર અર્પિત સાગર સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. મહિલા સશક્તિકરણના હેતુથી ૧૬ સ્વસહાય જૂથોને ૪૮ લાખનું લોન ધિરાણ મંજૂર કરાયું હતું, જેમાં ૫ જૂથોને સ્ટેજ પરથી ૧૫ લાખના ચેક એનાયત કરાયા હતા.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ગતિવિધિ

આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

કપડવંજની મુખ્યાજી ક્રિકેટ એકેડેમી સતત બીજા વર્ષે જિલ્લા કક્ષાએ વિજેતા



કપડવંજ | ખેડા જિલ્લા ક્રિકેટ એસોસિએશન દ્વારા આયોજિત ઇન્ટર સ્કૂલ ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ ટુર્નામેન્ટમાં જિલ્લાની કુલ 22 ટીમોએ ભાગ લીધો હતો. આ ટુર્નામેન્ટમાં કપડવંજ કેળવણી મંડળ સ્પોર્ટસ ગ્રાઉન્ડ પર ચાલતી મુખ્યાજી ક્રિકેટ એકેડેમીની ટીમે ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું. એકેડેમીની ટીમે સતત બીજા વર્ષે શાનદાર રમત દાખવીને જિલ્લા કક્ષાએ વિજેતા બનવાનું ગૌરવ પ્રાપ્ત કર્યું છે. આ ભવ્ય સફળતા બદલ વિજેતા ટીમને કે.કે.એમ. અને એકેડેમી તરફથી શુભકામનાઓ પાઠવવામાં આવી છે.

કપડવંજ કોંગ્રેસ દ્વારા સ્વ. ઇન્દિરા ગાંધીજીની જન્મજયંતિ નિમિત્તે શ્રદ્ધાંજલિ કાર્યક્રમ યોજાયો



કપડવંજ | દેશના ભૂતપૂર્વ વડાપ્રધાન સ્વ. ઇન્દિરા ગાંધીજીની જન્મજયંતિ નિમિત્તે રાજીવ ગાંધી ભવન ખાતે શ્રદ્ધાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કપડવંજ-કઠલાલના પૂર્વ ધારાસભ્ય કાળુસિંહ ડાભીએ સ્વ. ઇન્દિરા ગાંધીજીને ભાવપૂર્ણ પુષ્પાંજલિ અર્પણ કરી હતી. આ કાર્યક્રમમાં રણદીપસિંહ સૂરજેવાલાજી, અમિતભાઇ ચાવડા અને તુષારભાઇ ચૌધરી સહિતના કોંગ્રેસના વરિષ્ઠ આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ વેળાએ મોટી સંખ્યામાં કોંગ્રેસ પક્ષના અગ્રણી નેતાઓ તેમજ કાર્યકરો હાજર રહ્યા હતા.

આણંદમાં કેન્દ્ર - રાજ્ય સરકારના સંયુક્ત ઉપક્રમે 'શ્રમ સંવાદ' કાર્યક્રમ યોજાયો



આણંદ | ઔદ્યોગિક વિકાસની સાથે શ્રમિકોના કલ્યાણ અને સામાજિક સુરક્ષાને સુદ્રઢ બનાવવાના હેતુથી ભારત સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલય તથા ગુજરાત સરકારના શ્રમ વિભાગના સંયુક્ત ઉપક્રમે વિઠ્ઠલ ઉદ્યોગનગર ખાતે 'શ્રમ સંવાદ' કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે નવી ચાર શ્રમ સંહિતાઓ, કામદારોની સામાજિક સુરક્ષા અને વિકસિત ભારતની રોજગાર યોજનાઓ અંગે ઉપસ્થિત ઉદ્યોગપતિઓ અને હિતધારકોને વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ પરિસંવાદમાં ૨૫૦થી વધુ ઔદ્યોગિક પ્રતિનિધિઓ, વ્યવસાયિકો અને અધિકારીઓએ ભાગ લીધો હતો.

એપીએમએસના પ્રેરણાસ્ત્રોત પી. એમ. પટેલની જન્મજયંતિ નિમિત્તે ભાવાંજલિ કાર્યક્રમ યોજાયો



આણંદ | આણંદ સ્થિત પી. એમ. પટેલ કોલેજ કેમ્પસ ખાતે સંસ્થાના પ્રેરણાસ્ત્રોત પુરુષોત્તમદાસ મોતીભાઈ પટેલના ૧૦૭મા અવતરણદિને તેઓની પ્રતિમા તથા તસવીરને પુષ્પાંજલિ અર્પિત કરી શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. આ પ્રસંગે એપીએમએસના વાઇસ પ્રેસિડેન્ટ અને સીઇઓ ડો. પાર્થ બી. પટેલ, સેક્રેટરી અને રજિસ્ટ્રાર ડો. ઈશિતાબેન પી. પટેલ તથા એડમિન વિભાગના ડો. યુગ્માબેન પટેલની વિશેષ હાજરી સાથે તમામ કોલેજોના આચાર્યો, સ્ટાફગણ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. આણંદ પીપલ્સ મેડિકેર સોસાયટીના વર્ષ ૧૯૯૨થી સ્થાપક પ્રમુખ બિપીનચંદ્ર પી. પટેલ (વકીલ) ના માર્ગદર્શન હેઠળ આ સંસ્થા શૈક્ષણિક ક્ષેત્રે કાર્યરત છે.

ભાઈકાકા યુનિવર્સિટી ખાતે ૪૪ સ્થળોએ આકર્ષક રંગોળી અને 'મુસ્કાન' સેવાયજ્ઞ યોજાયો



આણંદ | કરમસદ સ્થિત ભાઈકાકા યુનિવર્સિટી અને શ્રી કૃષ્ણ હોસ્પિટલના વિવિધ વિભાગોમાં કર્મચારીઓ દ્વારા ૪૪ જગ્યાએ રચનાત્મક રંગોળીઓ તૈયાર કરવામાં આવી હતી. રંગોળી સ્પર્ધામાં હોસ્પિટલના રિસેપ્શન વિસ્તારને પ્રથમ, રેડિયોલોજી વિભાગને ફર્સ્ટ રનર-અપ અને ચામડી વિભાગની ઓ.પી.ડી.ને સેકન્ડ રનર-અપ ઇનામ આપવામાં આવ્યું હતું. યુનિવર્સિટીમાં દિવાળી સ્નેહ સંમેલન સાથે મહિલા વિકાસ સેલ અને એન.એસ.એસ. દ્વારા 'મુસ્કાન - ધ શેરિંગ ઓફ જોય' કાર્યક્રમ યોજાયો હતો. આ સેવાયજ્ઞ હેઠળ એકત્રિત કરાયેલી ૮૦૦થી વધુ વસ્તુઓનું વર્ગ-૪ના કર્મચારીઓ અને હેલ્થકેર એટેન્ડન્ટ સહિત ૧૫૦થી વધુ જરૂરિયાતમંદ સ્ટાફને વિતરણ કરાયું હતું.

આણંદ કૃષિ યુનિ. દ્વારા વણછરા ગામે 'દિવેલામાં પિયત વ્યવસ્થાપન' પર ક્ષેત્ર દિવસ યોજાયો

આણંદ | આણંદ કૃષિ યુનિવર્સિટીના ખાંધા કેન્દ્ર દ્વારા પાદરા તાલુકાના વણછરા ગામમાં સરદાર સરોવર પ્રોજેક્ટ અંતર્ગત 'દિવેલામાં પિયત વ્યવસ્થાપન' વિષય પર ક્ષેત્ર દિવસ (ફિલ્ડ ડે) યોજાયો હતો. આ કાર્યક્રમમાં પાદરા તાલુકાના આશરે ૩૦ ખેડૂતોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ દિવેલાના પાકમાં પિયત વ્યવસ્થાપન અને વૈજ્ઞાનિક ખેતી અંગે ઉપયોગી માહિતી મેળવી હતી. ખાંધા કેન્દ્રના સિનિયર રિસર્ચ ફેલો જે. ડી. બલદાણિયાએ ખેડૂતોને દિવેલાના પાકમાં વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિઓ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું.



લુણાવાડામાં પાનમકાંઠા બેતાલીસ પાટીદાર સમાજ દ્વારા '૫૧-કુંડી નવચંડી મહાયજ્ઞ' યોજાશે



લુણાવાડા | લુણાવાડાના પાનમકાંઠા બેતાલીસ પાટીદાર સમાજ દ્વારા આગામી ૨૨મી નવેમ્બર, ૨૦૨૬ના રોજ લુણાવાડા સ્થિત બેતાલીસ પાટીદાર સમાજ ભવન (ઘોળી, પોલીસ લાઇન પાછળ) ખાતે ભવ્ય '૫૧-કુંડી નવચંડી મહાયજ્ઞ' યોજાશે આ પાવનકારી મહાયજ્ઞમાં કુલ ૧૪૨ જોડા યજમાન પદે બેસી પૂજા-અર્ચના કરશે, જેનો પ્રારંભ સવારે ૭:૦૦ કલાકે કરવામાં આવશે. આથી, યજ્ઞ દર્શન અને મહાપ્રસાદનો લાભ લેવા સમાજ દ્વારા ભાવભર્યું આમંત્રણ પાઠવાયું છે. આ આયોજનને સફળ બનાવવા સમાજના પ્રમુખ રમેશભાઇ બી. પટેલ, મંત્રી મણિભાઇ એન. પટેલ, ટ્રસ્ટ પ્રમુખ દિલીપભાઇ પટેલ તથા મનીષભાઇ પટેલ સહિત સમગ્ર ટીમ જહેમત ઉઠાવી રહી છે.

વસોના પલાણા આઈટીઆઈ ખાતે ભવ્ય પાંચમો કૌશલ દીક્ષાંત સમારોહ યોજાયો



વસો | ઔદ્યોગિક તાલીમ સંસ્થા, પલાણા ખાતે આચાર્ય કે. જે. વરિયાના અધ્યક્ષસ્થાને પાંચમો કૌશલ દીક્ષાંત સમારોહ યોજાયો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે કેડીસીસી બેંક નડિયાદના ચેરમેન ડો. તેજસકુમાર બી. પટેલ તથા અન્ય સંસ્થાઓના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. વિવિધ ટ્રેડમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમાંક મેળવનાર તેજસ્વી તાલીમાર્થીઓને મેડલ અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરાયા હતાં. આ મહાનુભાવોએ તાલીમાર્થીઓને 'આત્મનિર્ભર ભારત' અને 'વિકસિત ભારત @ ૨૦૪૭'ના સંકલ્પમાં પોતાનું યોગદાન આપવા પ્રેરિત કર્યા હતા.

નાના કલોદરામાં સ્નેહમિલનમાં 'વડીલ વંદના ભવન' માટે 5 લાખથી વધુનું દાન એકત્રિત



ખંભાત | નાના કલોદરા ગામમાં પટેલ સમાજના પ્રમુખશ્રી બંસીભાઈ પટેલ તથા કમિટી સભ્યો દ્વારા ચતુર્થ સ્નેહમિલનનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. નવા વર્ષ નિમિત્તે સમાજના જ્ઞાતિબંધો એક સ્થળે એકત્રિત થઈ પરસ્પર વિચારોનું આદાન-પ્રદાન કરી શકે તે હેતુથી આ કાર્યક્રમ યોજાયો હતો. સમાજના વડીલો માટે ગામની પરબડીની જગ્યાએ 'વડીલ વંદના ભવન' બનાવવાનું આહ્વાન કરવામાં આવ્યું હતું. આ હાકલને પગલે દાતાઓ તરફથી 5 લાખથી વધુના દાનની જાહેરાત થઈ હતી.